# <u>પ્રસારભારતી</u>

## <u>આકાશવાણી, અમદાવાદ.</u>

તારીખ - ૧૭-૦૫-૨૦૧૨
વાર - ગુરૂવાર
સમય - બપોરે ૨-૨૦ થી ૨-૨૫

આકાશવાણી અમદાવાદ - વડોદરા
પ્રાદેશિક સમાચાર

---------------------------

કેન્દ્રીય નાણામંત્રી શ્રી પ્રણવ મુખરજીએ એવો નિર્દેશ આપ્યો છે કે મજબૂત નાણાકીય સ્થિતિ સુનિશ્ચિત કરવા માટે ખર્ચમાં કાપ મૂકવા માટે કેટલાંક પગલાં લેવાનું સરકારની વિચારણા હેઠળ છે.

રાજ્યસભામાં વિનિયોગ અને નાણા વિધેયક પરની ચર્ચાનો પ્રત્યુત્તર આપતાં શ્રી મુખરજીએ જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય સ્થિતિને ધ્યાનમાં રાખીને આ પગલાં લેવા જરૂરી છે. નાણામંત્રીએ જણાવ્યું કે તેમનો આશય ગભરાટ ફેલાવવાનો નથી, પરંતુ એને સૌએ સાવચેતી સ્વરૂપે લેવાની જરૂર છે. શ્રી મુખરજીએ કહ્યું કે ભારતીય અર્થ વ્યવસ્થાના વિકાસની સફળતા અવિરત ચાલુ રહેશે.

તેમણે કહ્યું કે ભારતના વિકાસ દર સાથે કોઈ બાંધછોડ કરવામાં આવશે નહીં જો કે કેટલીક અડચણો છે વિકાસ દર ૮.૪ ટકાથી ઘટીને ૬.૭ ટકા થઈ શકે તેવી સંભાવના છે, પરંતુ તેમાં ફરીથી વૃદ્ધિ થશે, તેવો વિશ્વાસ તેમણે વ્યકત કર્યો હતો.

નાણામંત્રીએ પરિયોજનાઓને ઝડપથી અમલમાં મૂકવાની જરૂરિયાત પર ભાર મૂકયો હતો જેથી કરીને તેનો ખર્ચ ન વધે અને તેને સમયસર પૂર્ણ કરી શકાય. તેમણે પૂર્વનાં રાજ્યોમાં હરિયાળી ક્રાંતિની ચર્ચા કરતાં જણાવ્યું કે દેશના અનાજના ભંડારમાં ૭૦ લાખ ટન જેટલા વધારાના ચોખા જમા થયા છે. તેમણે કહ્યું કે દેશમાં વિક્રમજનક ૨૫ કરોડ ૩૦ લાખ ટન જેટલું અનાજનું ઉત્પાદન થયું છે. પરંતુ તેનો સગ્રહ કરવાની સમસ્યા છે. સરકારે અનાજની સંગ્રહ ક્ષમતામાં ૭ કરોડ ટનથી વધુનો વધારો કર્યો છે.

---------------------

કેન્દ્ર સરકાર અનુસુચિત જાતિ-અનુસુચિત જન જાતિઓ પરના અત્યાચાર અટકાયત કાયદામાં સુધારો કરવા વિચારી રહી છે.

કેન્દ્રના સામાજિક અને અધિકારીતા મંત્રી શ્રી મુકુલ વાસનિકે આજે રાજ્યસભામાં એક પૂરક પ્રશ્નના જવાબમાં આ માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે સુધારણા મુસદ્દાની નકલો તમામ રાજ્યોને મોકલવામાં આવી છે અને આ સંદર્ભમાં રાજ્ય સરકારોના અભિપ્રાયોની રાહ જોવાઈ રહી છે.

મંત્રી શ્રી વાસનિકે ઉમેર્યું હતું કે, સ્વાભિમાન સાથે જીવન જીવવાનો દેશના દરેક નાગરિકને અધિકાર છે અને કેન્દ્ર સરકાર અનુસુચિત જાતિઓ અને અનુસુચિત જન જાતિઓના નાગરિકોને રક્ષણ પૂરૂં પાડવાની બાબતને સૌથી મહત્વની ગણે છે.

કેન્દ્ર સરકારે અત્યાચારનો ભોગ બનેલાને રાહત અને પુનઃ વસન માટેની નાણાકીય સહાયમાં દોઢસો ટકાનો વધારો કર્યો છે. આ ઉપરાંત તેમને કાનૂની સહાય પણ પૂરી પાડવામાં આવે છે. કેન્દ્રના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયે કાયદાની જોગવાઈઓનો ચુસ્ત અમલ કરવાનું પણ તમામ રાજ્યોને જણાવ્યું છે.

------------------------

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે ગુજરાતમાં રાજ્યકક્ષાનું કૃષિલક્ષી માળખાકીય સુવિધાનું સમગ્ર માળખું સંગીન બનાવવા માટે ગણમાન્ય કૃષિ તજજ્ઞોની રાજ્યકક્ષાની એક સમિતિ નીમવામાં આવશે. આ સમિતિમાં કૃષિ વૈજ્ઞાનિકો, સરકાર અને પ્રગતિશીલ ખેડૂતોનો સમાવશે કરવામાં આવશે. આ કૃષિલક્ષી માળખાકીય સુવિધામાં કોલ્ડ સ્ટોરેજ, પ્રીઝર્વેશન, પેકેજીંગ, માર્કેટીંક સહિતની ફોરવર્ડ લીન્કેજનું વીઝન અપનાવાશે. આજે વલસાડ જિલ્લાના નાના પોંઢામાં દક્ષિણ ગુજરાતના ૭ જિલ્લાઓનો કૃષિ મહોત્સવ યોજાયો હતો. જેમાં ઉપસ્થિત જન મેદનીને સંબોધતાં મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આ જાહેરાત કરી હતી.

--------------------

સાબરકાંઠા જિલ્લામાં હિમ્મતનગર શામળાજી રાષ્ટ્રીય ધોરી માર્ગ પર આવેલા ગામડી ગામ નજીક બનેલા એક માર્ગ અકસ્માતમાં ૩ જણાનાં મરણ થયાં છે અને અન્ય ત્રણ જણાંને ગંભીર ઈજા થઈ છે.

પ્રાપ્ત માહિતી મુજબ ભાવનગર જિલ્લાના બોટાદના કેટલાંક લોકો હિરદ્વારથી દર્શન કરીને પોતાની કારમાં વતન તરફ પરત ફરી રહ્યા હતા ત્યારે ગામડી નજીક એસટી બસની પાછળ તેમની કાર અકસ્માતે ઘૂસી ગઈ હતી. આ દુર્ઘટનામાં ૧ જણનું સ્થળ પર મરણ થયું હતું. જ્યારે ગંભીર રીતે ઘવાયેલા પાંચ જણાને અમદાવાદની હોસ્પિટલમાં સારવાર અર્થે લાવવામાં આવી રહ્યા હતા ત્યારે એ પૈકીના બે જણાંનાં માર્ગમાં મોત થયાં હતા. આમ કુલ ૩ જણાનાં મોત થયાં હતા. જ્યારે બાકીના ૩ જણાને અમદાવાદની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

-------------------

પાટણમાં સ્થપાયેલી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી આજે તેનો ૨૬મો સ્થાપના દિન ઉજવી રહી છે. યુનિવર્સિટીના રજત જયંતિ વર્ષની ઉજવણી અંતર્ગત અનેકવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

૧૭મી મે ૧૯૮૬માં આ યુનિવર્સિટીની સ્થાપના થઈ હતી. તેના પ્રારંભકાળથી ફરજ બજાવતા અને આજ સુધીમાં ૨૫ વર્ષની સેવા પૂરી કરનારા નાના મોટા કર્મચારીઓનું શાલ ઓઢાડીને તથા બુકે અને મેમેન્ટો અર્પણ કરીને સન્માન કરવામાં આવશે.

સ્થાપના દિન નિમિત્તે યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક ક્ષેત્રે સેન્ટર ફોર આઈસીએચઆઈ પ્રોગ્રામ અને આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઓફ ઈન્ડિયા ઈડીઆઈ સાથે સમજૂતિ કરાર કરવામાં આવશે. એના પરિણામે યુનિવર્સિટી દ્વારા કોસ્ટ એકાઉન્ટીંગનો અભ્યાસક્રમ શરૂ કરાશે.